### ટ્રાફિક પોલીસની કનડગતને પગલે

# પાલનપુર શહેરમાં રિક્ષાચાલકે આત્મહત્યાનો પ્રયાસ કરતા ચકચાર

### રોષે ભરાયેલા રિક્ષાચાલકોએ ચક્કાજામ કરી કલેકટરને પાઠવ્યું આવેદનપત્ર

પાલનપુરમાં ટ્રાફિક પોલીસની કથિત કનડગતથી ત્રાસી જઈને એક રિક્ષા ચાલકે પજવણીને પગલે એક રિક્ષા ચાલકે શરીરે પેટ્રોલ છાંટી આત્મદાહનો પ્રયાસ કરતા અફરાતફરી મચી ભરીને છોડાવ્યા બાદ ફરી આજે મેમો અપાતા રિક્ષાચાલક માલણના રહેવાસી ઈમરાન



તસવીર : હરેશ જોષી

આત્મદાહનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ હતી. દાઝી ગયેલા રિક્ષાચાલકને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પાલનપુર શહેરના એરોમા સર્કલ પર ટ્રાફિક પોલીસની કથિત ગઈ હતી. જોકે, પોલીસે તાત્કાલિક આગ ઓલવી રિક્ષાચાલકને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

રિક્ષા ચાલકોના જણાવ્યા મુજબ, બે દિવસ અગાઉ રિક્ષા ડિટેઈન કરાઈ હતી. જે દંડ ઈસ્માઈલ ભાઈ સુમરાએ પોલીસની કનડગતથી કંટાળી આત્મઘાતી પગલું ભર્યું હતું. ત્યારે ઘટનાને પગલે એકત્ર થયેલા રિક્ષાચાલકોએ પણ હપ્તાના હડમાલામાં વ્યસ્ત પોલીસની જોહુકમી સામે રોષ ઠાલવ્યો હતો.

### હાય રે...મજબૂરી... લોકરક્ષક દળના પરીક્ષાર્થીઓ

# વાંચવાનું છોડી વિના મૂલ્યે ટિકિટ બુક કરવા લાઈનમાં


તસવીર : મેહુલ જોષી

મોડાસા, તા. ૪

લોકરક્ષક દળની પરીક્ષા પેપર લીક થતા રદ કરવામાં આવતા પરીક્ષાર્થીઓમાં ઉગ્ર રોષ ફેલાયો હતો. અંદાજે ૯ લાખ જેટલા વિદ્યાર્થીઓના બસના ભાડા અને પેટ્રોલ, ડીઝલનો ખર્ચ માથે પડતા બેરોજગાર યુવાનોનો આક્રોશ ઠારવા સરકારે તમામ પરીક્ષાર્થીઓને વિના મુલ્યે એસ.ટી બસ મુસાફરીની જાહેરાત કરી હતી. ૬ જાન્યુઆરીએ લોકરક્ષક દળની પરીક્ષા હોવાથી અરવલ્લી જીલ્લામાં હિંમતનગર એસ.ટી. ડિવિઝન દ્વારા મોડાસા, ભિલોડા, બાયડ બસ સ્ટેન્ડ અને માલપુર, મેઘરજ, ધનસુરા, શામળાજી કંટ્રોલ પોઈન્ટ પર શુક્રવારથી એલ.આર.ડી પરીક્ષાર્થીઓ માટે એડવાન્સ કાઉન્ટરની બુકીંગ વ્યવસ્થા ઉભી કરતા મોટી સંખ્યામાં મફત મુસાફરી માટે ટિકિટ મેળવવા પરીક્ષાર્થીઓ તમામ બુકીંગ કાઉન્ટર પર ઉમટતા લાંબી લાઈનો જોવા મળી હતી.

અરવલ્લી જીલ્લાના બુકીંગ કાઉન્ટર પર ટિકિટ મેળવવા ઉમટેલા એલ.આર.ડી પરીક્ષાના ઉમેદવારો કોલ લેટર સાથે વહેલી સવારથી લાંબી કતારોમાં ઉભા રહી ટિકિટ મેળવવા મજબુર બન્યા હતા. વિનામૂલ્યે ટિકિટ માટે આવેલા પરીક્ષાર્થીઓએ ભારે રોષપૂર્વક જણાવ્યું હતું કે પરીક્ષા રદ થતા પહેલાથીજ માનસિક આઘાત અનુભવ્યો છે ત્યારે આર્થિક સ્થિતિ મજબૂત ન હોવાથી પરીક્ષાના ગણતરીના કલાકો પહેલા વિનામૂલ્યે ટિકિટ લેવા માટે કિંમતી સમય બરબાદ કરવો પડી રહ્યો છે. વધુમાં જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા હોવાથી સરકારે વિનામૂલ્યે ઉભા કરેલ બુકીંગ કાઉન્ટર પર ટિકિટ મેળવવા માટે સમય અને રૂપિયાનો પણ બગાડ થઈ રહ્યો છે અને સરકારી નોકરીની ભરતીમાં થતા ભ્રષ્ટ્રાચારના પગલે પરિવારજનોનો પણ પૂરતો સહકાર મળતો નથી. જેથી સરકારની બેદરકારી અને પેપરલીક કરનાર કૌભાંડીઓના પાપે બેરોજગાર યુવાનોને અનેક યાતનાઓમાંથી પસાર થવામાં આવ્યું હોવાનું આક્રોશપૂર્વક કતારમાં ઉભેલા પરીક્ષાર્થીઓએ હૈયાવાળ ઠાલવતા નજરે પડ્યા હતા.


# મેઘરજ મામલતદાર અને હંગામી કર્મચારીને અરવલ્લી જિલ્લા એસીબીએ ૨૭ હજારની લાંચ લેતા ઝડપ્યા

અરવલ્લી જીલ્લામાં સરકારી કચેરીઓમાં કેટલાક



અધિકારીઓ અને કર્મચારીઓ લાંબા સમય થી વચોટિયાની બોલબાલા વધી જવા પામી છે અરવલ્લી જીલ્લામાં એન્ટી કરપ્શન બ્યુરોએ સપાટો બોલાવતા એક સપ્તાહની અંદર બીજી સફળ ટ્રેપ કરતા લાંચિયા બાબુઓ માં ફફડાટ ફેલાયો છે અરવલ્લી જીલ્લા એ.સી.બી ના પી.આઈ વણજારા અને તેમની ટીમે સોલ્વન્સી સર્ટિફિકેટ માટે મામલતદાર અને હંગામી કોમ્પ્યુટર ઓપરેટર કમ ડ્રાઈવર ને ૨૭૦૦૦ લાંચ પેટે સ્વીકારતા દબોચી લેતા એસીબીની ટ્રેપ ની જાણ થતા સપાટો બોલાઈ ગયો હતો.

મેઘરજ મામલતદાર કચેરીમાં કામકાજ માટે આવતા અરજદારોના કામ વચોટિયા મારફતે થતા હોવાની વ્યાપક ફરિયાદો લાંબા સમય થી ઉઠવા પામી હતી અહીં કામકાજ માટે સીધા આવતા અરજદારોને એનકેન પ્રકારના કારણો આગળ ધરી તેમના કામો ટલ્લી ચઢાવામા આવતા હોવાની બૂમો ઉઠી હતી મેઘરજ મામલતદાર કચેરીમાં સોલ્વન્સી સર્ટિફિકેટ માટે અરજદારે અરજી કરતા મામલતદાર રમેશ પરમારે સોલ્વન્સી સર્ટિફિકેટ માટે હંગામી કર્મચારી કોમ્પ્યુટર ઓપરેટર મારફતે ૨૭૦૦૦ હજારની લાંચ માંગતા અરજદાર સમસમી ઉઠ્યો હતો લાંચિયા મામલતદાર અને હંગામી કર્મચારીને પાઠ ભણાવવા અરજદારે અરવલ્લી જીલ્લા એ.સી.બી નો સંપર્ક કરતા છટકું ગોઠવી ગેલી માતાના મંદિર નજીક થી હંગામી કર્મચારી ભગતસિંહ ડામોરને ૨૭૦૦૦ રૂપિયા ને રંગે હાથે ઝડપી પાડી



લાંચની રકમ મળી ગઈ હોવાનું મોબાઈલ પર કન્ફર્મ થતા જીલ્લા એસીબી પી.આઈ વણજારાએ મામલતદારને ઝડપી પાડી સફળ ટ્રેપ કરતા સરકારી કર્મચારીઓ માં ફફડાટ ફેલાયો હતો.

## મોડાસા આરટીઓ કચેરી દ્વારા ઈનામ વિતરણ સમારોહ યોજાયો

અરવલ્લી જિલ્લાની વિદ્યાનગરી મોડાસાની ખ્યાતનામ કે.એન. શાહ મોડાસા હાઈસ્કૂલમાં આરટીઓ કચેરી, અરવલ્લી દ્વારા 'માર્ગ સલામતી મેળા' અંતર્ગત ઈનામ વિતરણ સમારોહ યોજાયો. મોડાસા કેળવણી મંડળના પ્રભારી મંત્રી કિરીટભાઈ કે. શાહ, આરટીઓ કે.વી. હાડા, આરટીઓ ઈન્સ્પેક્ટર વી.ટી. દેસાઈ, શાળાના આચાર્ય મનીષકુમાર જોષી, સુપરવાઈઝર કે.આર. ખાંટ, જી.બી. પટેલ, પી.બી. પટેલ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાર્થનાગાન પી.ડી. બારોટ ગાયકવૃંદ, સ્વાગત મનીષકુમાર જોષી, આભારદર્શન કે.આર. ખાંટ, સંચાલન એમ.બી. પટેલે કર્યુ હતુ.

# તલોદ તાલુકામાં ખારી નદીમાં ચેકડેમ નિર્માણ માટે ઉગ્ર રજુઆત

તલોદ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ડઝનબંધ ગામોને વિંધીને જતી ખારી નદીના પટમાં બે વર્ષથી નવિન ચેકડેમ તા. ૨૩-૨-૧૭ના રોજથી મંજૂર થયો હતો. જેના નિર્માણનું કામ શરૂ નહિ થતાં ખેત સિંચાઈની સમસ્યા વિકટ બનતાં



મંજૂર થઈ પડેલા ચેકડેમના નિર્માણનું કામ આજ દિન સુધી સરકારે શરૂ નહી કરતા આજે તલોદ-પ્રાંતિજ તાલુકાના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની આગેવાની હેઠળ કેટલાક સરપંચો તથા ખેડૂતોએ મળી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ હતુ. અંદાજીત રૂ. ૩ કરોડના ખર્ચે અહીં આજે રેલીરૂપે જિલ્લા કલેક્ટર કચેરી હિંમતનગર ખાતે પહોંચેલા ખેડૂતોએ દેખાવો પણ કર્યા હતા અને ચેકડેમના નિર્માણનું કામ સત્વરે રાજ્ય સરકાર શરૂ નહિ કરે તો ખેડૂતો ભૂખ હડતાળ અને ઉગ્ર આંદોલન કરવા મજબૂર બનશે તેવુ અલ્ટિમેટમ પણ આપવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે તલોદ તાલુકામાંથી પસાર થતી ખારી નદી ઉપર ભાટીયા ગામે અગાઉ બનાવેલ ચેકડેમ તુટી પડતાં ચોમાસાનું પાણી અને સુજલામ સુફલામ કેનાલનું પાણી પણ નદીમાં વહી જતાં ખેત સિંચાઈની સમસ્યા ભારે આપદારૂપ બનતી રહી છે. જેને કેન્દ્ર સ્થાને રાખીને જે-તે વખતે ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ સરકાર સમક્ષ ઉગ્ર રજૂઆતો કરી હતી. તેમજ અન્ય રાજકીય અગ્રણીઓએ પણ ભલામણો કરી હતી.જેની ફળશ્રૃતિરૂપે રાજ્યના નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગે ભાટીયા ખારી નદી ઉપર બૃહદ ચેકડેમ બનાવવા માટે અંદાજીત રૂ. ૨ કરોડ ૮૧ લાખ ૯૨ હજારની વહિવટી શરતી મંજૂરી આપી હતી. આમ તાંત્રિક મંજૂરી મળી ગઈ હોવા છતાં ૨ વર્ષના લાંબા સમયગાળામાં પણ અહીં ચેકડેમનું નિર્માણ કાર્ય સરકારે હાથ ન ધરતાં પંથકના ભૂમિપુત્રોમાં આક્રોશની લાગણી ઉદભવી છે.

## માલપુરની હેલી શાહ ૬૪મી સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા અંડર-૧૭ રોલબોલ ટુર્નામેન્ટમાં ઝળકી

છત્તીસગઢના બિલાશપુર ખાતે યોજાયેલ ૬૪મી સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા અંડર-૧૭ રોલબોલ ટુર્નામેન્ટમાં ગિનીઝ



વર્લ્ડ રેકોર્ડર અને એશિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત કરી અરવલ્લી જીલ્લાનું સમગ્ર દેશમાં નામ રોશન કરનાર માલપુરની હેલી શાહ તૃતીય સ્થાન પ્રાપ્ત કરતા અરવલ્લી જીલ્લામાં આનંદ છવાયો હતો.

સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા સમગ્ર રાજ્યમાં વિજેતા બનેલ અંડર-૧૭ના ખેલાડીઓને રાષ્ટ્ર લેવલે છત્તીસગઢના બિલાસપુર ખાતે ૨૬ થી ૨૯ ડિસેમ્બરના રોજ યોજાયેલી ટુર્નામેન્ટમાં ગુજરાતની ટીમનું પ્રતિનિધિત્વ કરનાર માલપુરના અને ગાંધીનગરમાં અભ્યાસ કરતી હેલી જયેશ શાહે રોલર બોલની ગેમમાં ખૂબ ઉત્કૃષ્ટ દેખાવ કરી અંડર ૧૭ બહેનો વિભાગમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી ગુજરાત અને માલપુર ગામનું ગૌરવ વધાર્યું હતું. માલપુરના ડૉ.રાકેશ શાહની ભત્રીજી હેલી શાહને સમગ્ર જિલ્લામાંથી અભિનંદનની વર્ષા વરસી હતી.

# મૈસુર - અજમેર ટ્રેનમાંથી ૫ મુસાફરો બેભાન અવસ્થામાં મળી આવ્યા

### કેફી પીણું પીવડાવી અજાણ્યો શખ્સ સોનાની વિંટી તેમજ રોકડ રકમ લઇ ફરાર

મૈસુરથી અજમેર જતી રેલવે ટ્રેનમાં વસઇ નજીક મંગળવારે રાત્રે



અજાણ્યા શખ્સે ટ્રેનના ડબ્બામાં બેઠેલા ૫ મુસાફરોને ઠંડા પીણામાં ઘેનયુકત પદાર્થ પીવડાવી દીધો હતો. જેઓ બેભાન બની જતાં આ શખ્સે તેમની પાસેથી સોનાની વિંટીઓ તેમજ રોકડ રકમની ચોરી કરી ફરાર થઇ ગયો હતો. મહેસાણા રેલવે સ્ટેશને આ અંગેની જાણ થતાં રેલવે પોલીસે તમામ મુસાફરોને પાલનપુર રેલવે સ્ટેશને લાવી તાત્કાલિક પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

મહેસુરથી મંગળવારે સવારે નીકળેલી અજમેર જતી ટ્રેન મંગળવારે રાત્રે વસઈ નજીક પહોચી હતી. તે સમયે ટ્રેનના ડબ્બામાં મુસાફરી કરી રહેલા એક મહિલા સહિત પાંચ જણાને અજાણ્યા શખ્સે વિશ્વાસમાં લીધા હતા. જેણે પોતાના ઘરે પુત્રનો જન્મ થયો છે. તેમ કહી પાંચ મુસાફરોને ઠંડા પીણામાં ઘેનયુકત પદાર્થ પીવડાવી દીધો હતો. આથી પાંચેય જણા બેભાન થઇ ગયા હતા. જે દરમિયાન આ શખ્સે મુસાફરોએ હાથની આંગળીએ પહેરેલી સોનાની વિંટીઓ તેમજ રોકડ રકમની ચોરી કરી ફરાર થઇ ગયો હતો. આ ટ્રેન મહેસાણા રેલવે સ્ટેશને આવતાં અન્ય મુસાફરોએ બેભાન મુસાફરો અંગે રેલવે પોલીસને જાણ કરી હતી. આથી મહેસાણા રેલવે પોલીસના જવાનો બેભાન મુસાફરો સાથે પાલનપુર આવ્યા હતા. અને પાંચેય બેભાન મુસાફરોને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડયા હતા.

# હિંમતનગરમાં ઘરફોડ અને દુકાનોમાં ચોરી કરતી ગેંગ પકડાઈ

હિંમતનગર, તા. ૪

હિંમતનગરમાં વિવિધ વિસ્તારોમાં દિવસે અને રાત્રે ઘરફોડ તથા દુકાનોમાં ચોરી કરતી ગેંગના તરખાટને કારણે પોલીસતંત્રને પરાણે હરકતમાં આવવું પડ્યું છે. ત્યારે બાતમીને આધારે સાબરકાંઠા એલસીબીએ ચોરીના વિવિધ ગુનાઓમાં સંડોવાયેલા બે પુખ્ત વયના તથા એક બાળ કિશોરને ઝડપી લઈ તેમની પાસેથી અંદાજે રૂ. ૪૪૯૯૦નો મુદ્દામાલ કબજે લઈ આગળની તપાસ માટે આ ચારેય જણાને સ્થાનિક પોલીસ સ્ટેશનોમાં સોંપવામાં આવ્યા છે.

આ અંગે એલસીબીના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા કેટલાંક સમયથી હિંતનગરના પોલોગ્રાઉન્ડ, ન્યાયમંદિર તથા અન્ય વિસ્તારોમાં આવેલ દુકાન તથા મકાનમાં કેટલાંક શખ્સો દિવસે અને રાત્રે ચોરી કરીને ભયનું વાતાવરણ પેદા કરતા હતા. જે અંગે એલસીબીને બુધવારે મળેલી બાતમીને આધારે તેમણે પેટ્રોલીંગ દરમ્યાન આ ત્રણેય શકમંદોને મહેતાપુરા ચારરસ્તા પાસેથી ત્રણ શકમંદોને ઝડપી લીધા હતા. ત્યારબાદ તેમની જડતી લેવાતા તેમની પાસેથી કેટલાંક મોબાઈલ તથા એલઈડી મળી આવ્યા હતા જેથી પોલીસે તે અંગે કડકાઈથી પુછપરછ કરતા આ ત્રણેય જણા ભાગી પડ્યા હતા.

ત્યારબાદ પોલીસે પકડાયેલા આશિષકુમાર ઉર્ફે પલ્લી લાલાભાઈ ક્લાસવા (રહે. માયઓન હાઈસ્કૂલ પાછળ, હિંમતનગર), ગણેશ ઉર્ફે ગણીયો શકરાજી મોથલીયા (રહે. બ્રહ્માણીનગર) તથા કાયદાના સંઘર્ષમાં આવેલ એક બાળકિશોરની સઘન પુછપરછ કરતા તેમણે દસ દિવસ અગાઉ પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલ ઝેરોક્ષની દુકાનમાંથી બે મોબાઈલ તથા રોકડની ચોરી કરી હતી. તથા તેના બે દિવસ બાદ મહાવીરનગર વિસ્તારમાં આવેલ દિગંબર જૈનવાડી સામેની શ્રીરામ મોબાઈલમાંથી એલસીડી તથા દસ ચોરેલા મોબાઈલ મળી આવ્યા હતા.

આ ઉપરાંત આ વિસ્તારમાં કરેલી ચોરીની આગલી રાતે તેમણે ભાગ્યોદય ડેરીમાંથી રોકડ તથા એલઈડી અને પૂંજામાં વપરાતા ત્રણ ડાયમંડ તેમની પાસેથી કબજે લેવામાં આવ્યા હતા. ત્યારબાદ એલસીબીએ વધુ મળી તેમની પાસેથી બાર મોબાઈલ અને રૂ. ૯૨૯૦ રોકડ કબજે લઈ વધુ તપાસ માટે તેમને હિંમતનગર એ અને બી પોલીસ સ્ટેશનને હવાલે કરાયા હતા.

# પાલનપુરમાં દબાણદારે આત્મ વિલોપનની ચીમકી આપી

### ધનિયાણા ચોકડીએ દબાણ હટાવવા ગયેલી ટીમ વીલા મોઢે પરત ફરી

પાલનપુરમાં મુખ્યમંત્રીના સાનિધ્યમાં પ્રજાસત્તાકદિનની ઉજવણીને લઈને પાલિકા દ્વારા દબાણ હટાવવાની કામગીરી હાથ નજીક નવા બનેલા કોમ્પલેક્ષ આગળના દબાણો દૂર કરવામાં આવી રહ્યા હતા. ત્યારે નાસ્તાની દુકાનના સંચાલક પ્રતિકભાઈ



ધરવામાં આવી છે. ત્યારે ધનિયાણા ચોકડી વિસ્તારમાં એક વેપારીએ પોતાની દુકાન હટશે તો આત્મવિલોપન કરીશ તેવી ચિમકી ઉચ્ચારતાં પાલિકાની ટીમ વીલા મોઢે પરત ફરી હતી.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા દ્વારા દબાણ હટાવો ઝૂબેંશ હાથ ધરવામાં આવી છે. પાલિકા દ્વારા ધનિયાણા ચોકડી જોષીએ આ જગ્યા માલિકીની હોવાની અને તેમાં પોતે ભાડુ આપીને દુકાન ચલાવતા હોવાનું જણાવી જો પાલિકા દ્વારા દુકાન હટાવવામાં આવશે તો આત્મ વિલોપનની ચિમકી ઉચ્ચારી હતી. જેના પગલે તંત્ર દ્વારા તેમની દુકાન હટાવવામાં આવી ન હતી. આ સ્થળેથી પાલિકાની ટીમે દસ ઉપરાંત કેબીનો હટાવ્યા હતા.

## મોડાસા ખડાયતા સમાજનું ગૌરવ

મોડાસા, તા. ૪


મોડાસાના વતની રેફરલ હોસ્પિટલ જીતપુર તાલુકો બાયડના



ચીફ ઓફિસર જતીન એન. શાહે ઈન્ડીયન મેડીકલ એસોસિએશન પિડીયાટીક અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ હોસ્પિટલ મેનેજમેન્ટની ડીગ્રી મેળવી મોટી સિધ્ધિ હાંસલ કરેલ છે. આ સિવાય જીતપુરના સામુહિક આરોગ્ય કેન્દ્રને સ્વચ્છતા અને ગુણવત્તા બદલ રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા કાયાકલ્પ એવોર્ડ આપવામાં આવેલ છે.

# પગારથી વંચિત આઉટ સોર્સિંગ કર્મીઓએ પાઠવ્યું આવેદનપત્ર

બનાસકાંઠા જિલ્લામાં વિવિધ વિભાગોમાં આઉટ સોર્સિંગ કર્મચારીઓ ફરજ બજાવે છે. જેઓનો છ માસનો પગાર ન થતા અકળાયેલા કર્મચારીઓએ જિલ્લા કલેકટર કચેરીએ દોડી આવી એન્ટરપ્રાઈજ ની સામે ફરિયાદો ઉઠી છે. અગાઉ પણ રજૂઆતો છતાં કઠોર કાર્યવાહી થઈ નથી. અગાઉ આ કંપનીને ભુજ કલેકટરે બ્લેકલીસ્ટ કરી હોવાનું પીડિત કર્મીઓએ જણાવ્યું હતું. પગાર ન થતા ૧૫૦ જેટલા



ન્યાયની ગુહાર લગાવી હતી.

આઉટ સોર્સિંગ કર્મચારીઓ પુરા પાડતી નીરવ એન્ટરપ્રાઈજ સામે કર્મચારીઓ લાચાર જણાઈ રહ્યા છે. આઉટ સોસિંગના કર્મચારિઓનો ૬ મહિનાથી પગાર જ થયો ન હોવાની બુમરાણ મચી છે. નીરવ કર્મચારીઓ અટવાયા હતા.શિક્ષણ વિભાગ પણ પગાર મામલે શંકા ના દાયરામાં હોવાના આક્ષેપો સાથે પીડિત અરજદારો કલેકટર કચેરીએ દોડી આવ્યા હતા. જ્યાં તેઓએ આવેદન આપી ન્યાયની ગુહાર લગાવી હતી.

# માલણમાં પાંચ દિકરીઓએ પિતાને કાંધ આપી સમાજમાં દાખલો બેસાડ્યો

### પુત્ર ન હોવાથી અંતિમ ક્રિયામાં પુત્રીઓએ પુત્ર બનીને પિતાને વિદાય આપી

પાલનપુર તાલુકાના માલણ ગામમાં અવસાન પામેલા પિતાને પુત્ર ન હોવાથી પાંચ દીકરીઓએ કાંધ આપીને અંતિમ ક્રિયામાં પુત્ર બનીને પિતાને વિદાય આપી હતી અને સમાજમાં દાખલો બેસાડ્યો હતો.

સામાન્ય રીતે જે પિતાને પુત્ર ન હોય તે પિતાને જીવનભર પુત્ર ન હોવાનો વસવસો રહી જાય છે.પરંતુ પાલનપુર તાલુકાના માલણ ગામે પુત્ર ન હોવા છતાં દિકરીઓએ પિતાને કાંધ આપીને સમાજમાં ઉદાહરણ પૂરું પાડ્યું છે. ઘણીવાર કેટલાક માતા પિતા પુત્ર હોવા છતાં પણ નિરાધાર બનતા હોય છે અને કેટલાક લોકો માતા પિતાને વૃદ્ધાશ્રમમાં પણ ધકેલી દેતા



હોય છે.

ત્યારે પાલનપુર તાલુકાના માલણ ગામે રહેતા નાથુભાઈ કાળુભાઈ મેતિયાને પુત્ર ન હોવાથી તેમની પાંચેય દીકરીઓએ ગતરોજ તેમનું નિધન થતાં તેમના મૃતદેહને કાંધ આપી હતી. પિતાની બિમારી સમયે પુત્ર ન હોવા છતાં પુત્રીઓએ પિતાની સારવારમાં સહેજ પણ ઓછું આવવા દીધું ન હતું અને પુત્ર કરતાં પણ સવાઈ બનીને પાંચે દીકરીઓએ આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં પણ સારી એવી સારવાર અપાવી હતી અને અંતે ગતરોજ તેમના પિતાનું નિધન થતાં દીકરીઓએ દીકરાની જેમ કાંધ આપીને તેમના અંતિમ સંસ્કાર કર્યા હતા.